# અરવલ્લી જિલ્લામાં કેમીસ્ટોનો જડબેસલાક બંધ

## ઓનલાઈન વેચાણ, ભાવ નિયંત્રણ નીતિ, સરકારી જેનરીક સ્ટોર જેટલી જ સમાન તકના વિરોધમાં ઉત્તર ગુજરાતના ૩૫૦૦ મેડિકલ સ્ટોર્સ હડતાળનુ શસ્ત્ર ઉગામ્યુ




અરવલ્લી, તા. ૩૦

ઈ-પોર્ટલ, ઓનલાઈન વેચાણ, દવાની ભાવ નિયંત્રણ નીતિમાં બદલાવ દવાના સરકારી સ્ટોર જેટલી જ સમાન તક વિગેરે પ્રશ્નોના સંદર્ભે મંગળવારે દેશવ્યાપી હડતાળમાં અરવલ્લી જિલ્લાના ૩૦૦થી વધુ કેમિસ્ટોએ દવાની દુકાનો બંધ રાખી જડબેસલાક વિરોધ નોંધાવ્યો હતો. અરવલ્લી જિલ્લા કેમીસ્ટ એસોસીએશન માનવતાના ભાગરૂપે તાલુકા મથકે એક મેડીકલ સ્ટોર્સ ખુલ્લો રાખી દર્દીઓને દવા ખરીદવા હાલાકી ન પડે તે માટે આયોજન કર્યુ હતુ. મોડાસા શહેરમાં તમામ મેડીકલ સ્ટોર્સ બંધ રહેતા બજારોમાં અવરજવર ખુબજ ઘટી ગઈ હતી.

દવા બજારના વિવિધ પ્રશ્નોના ઉકેલની માગં સાથે મંગળવારે સમગ્ર દેશની દવા બજાર બંધ રાખવાનુ એલાન ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતુ. જેમાં મોડાસા શહેર અને અરવલ્લી જિલ્લાના ૩૦૦થી વધુ કેમીસ્ટોએ હડતાળમાં જોડાઈ જડબેસલાક બંધ પાળ્યો હતો. મોડાસા કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોશીએશન દ્વારા દવા બજાર બંધ રાખવાની સાથે ઈમરજન્સી દવા માટે દર્દીઓને કે તેમના સગાઓને તકલીફ ન પડે તે માટે એક એક મેડીકલ સ્ટોર્સ ખુલ્લો રાખી દર્દીઓને વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં દવાની હડતાળના પગલે મોટાભાગના દર્દીઓએ ઈમરજન્સી સારવાર સિવાય તબીબોની સારવાર લેવાથી દૂર રહેતા મોડાસા બસસ્ટેન્ડ વિસ્તાર અને મુખ્યમાર્ગો પર લોકોની અવરજવર ખૂબજ ઓછી જણાતી હતી.

### ગેરકાયદેસર ઓનલાઈન વેચાણ પર તાત્કાલિક પગલાની માંગ મોડાસા કેમીસ્ટ પ્રમુખ દ્વારા

દવાના ઓનલાઈન ગેરકાયદેસર બિઝનેસમાં નાર્કોટીક્સ તથા સાયકોટ્રીપીક કન્ટેન્ટ અને હેબીટફોર્મીંગ ડ્રગ્સના ઓનલાઈન વેચાણમાં ઘણો બધો ખતરો રહેલો છે. યુવાધન આનાથી અવળા માર્ગે દોરાવાનો ખતરો છે. ફાર્મેસીસ્ટની હાજરી આમા શક્ય નથી. મેડીકલ સ્ટોર્સ સામે પ્રિસ્ક્રિપ્શન વગર દવા વેચાણ પ્રતિબંધ છે. ત્યારે ઓનલાઈન દવાઓના વેચાણથી પ્રીસ્ક્રીપ્શન ઉપરજ વેચાણ બાબતની અવિશ્વાસનીયતા ઉભી થવાની શક્યતા હોવાનુ મોડાસા કેમીસ્ટ એસો.ના પ્રમુખ ગીરીશ પટેલે જણાવ્યું હતું.







### અરવલ્લી જિલ્લાના કેમીસ્ટોના જણાવ્યા અનુસાર ઈ-પોર્ટલ શક્ય અને સ્વીકાર્ય નથી

દવા કંપનીઓ સી એન્ડ એફ એજન્ટ, હોલસેલર્સ તથા રીટેલર્સ વેપારીઓએ તેમની ફર્મનેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાય ત્યાર બાદ ખરીદ વેચાણની વિગતો અને પ્રિસ્કીપ્શન અપલોડ કરાય છે. ઘણા વેપારીઓ પાસે કોમ્પ્યુટર ન હોવાથી તાત્કાલિક માન્ય નથી.

### દવાના ભાવો કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગના ખાતા દ્વારા નક્કી થાય છે

જેનરિક દવામાં મારજીન એક હજાર ગણો વધુ છે. ભાવ કેમીસ્ટો નક્કી નથી કરતા સરકારનુ એનપીએ કરે છે અને સરકાર ડીપીસીઓના કાયદાની અંદર કઈ દવા પર કેટલો ભાવ હોવો જોઈએ તે નક્કી કરે છે. તેમાં દવાના વેપારીઓનો કોઈ રોલ જ નથી.

# પાલનપુરમાં બટાટાના ભાવમાં ભયંકર મંદીના મુદ્દે ખેડૂતોની રેલી

પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠા જીલ્લાના ખેડૂતોએ પડતર પ્રશ્નોને લઈને ફરી સરકાર સામે બાયો ચઢાવી છે. છેલ્લા કેટલાય વર્ષોથી ખેડૂતોની માંગ લઈને સરકાર સામે આંદોલન કરવા છતાં આજદિન સુધી સરકારે ખેડૂતોની રજૂઆતને ધ્યાનમાં લીધી નથી. ત્યારે ભારતીય કિશાન સંઘે આજે ફરી એકવાર સરકાર સામે બાથ ભીડવા જીલ્લાના ખેડૂતોએ ૧૧ જેટલી માંગો લઈને આંદોલનના મેદાનમાં ઉતર્યા છે. આજે પાલનપુર ડિસા હાઈવે પર જીલ્લાના ખેડૂતોની વિશાળ સભા યોજાઈ હતી અને સભા પૂરી થયા બાદ વિશાળ રેલી સ્વરૂપે ભર બપોરે ઉનાળાની આકરી ગરમી વચ્ચે ખેડૂતો જીલ્લા કલેકટર કચેરી પોહચ્યા હતા. જ્યાં જીલ્લા કલેકટર દિલીપ રાણાને ભારતીય કિશાન સંઘના ખેડૂત આગેવાનોએ પડતર રજૂઆત અંગે આવેદનપત્ર રજુ કર્યુ હતુ. હાલમાં બટાટાના ભાવોમાં ભયંકર મંદી હોવાથી ખેડૂતોની હાલત દયનીય બની છે. ત્યારે આ રેલી ખેડૂતોએ સરકાર સામે પોતાનો વિરોધ પ્રગટ કરવા માટે બેનરો સાથે બટાટા હાથમાં લઈ રેલીમાં જોડાયા હતા. જીલ્લાના ખેડૂતની માંગ છે કે જીલ્લાના દાંતીવાડા, સીપુ, મોકેશ્વર ડેમો સહીત તળાવોમાં નર્મદાનું પાણી ભરવાની મુખ્ય માંગ સરકાર પાસે કરી છે તેમજ કોલ્ડ સ્ટોરેજમાં ખેડૂતોના બટાટાના ભાડામાં સરકાર સબસીડી સહીત જુદી જુદી ૧૧ જેટલી પડતર માંગ કરી હતી.





# બનાસકાંઠામાંથી યાત્રાએ નીકળેલ યાત્રાળુઓના ખોરાકી ઝેરથી ત્રણના મોત

પાલનપુર, તા. ૩૦

હરિદ્વારની યાત્રા કરી પરત જમડા આવી રહેલા ૧૫ યાત્રિકોને ખોરાકી ઝેરની અસર થઈ હતી. જેમાં ત્રણના મોત નિપજ્યા હતા. તેમજ ૧૨ વ્યક્તિને વધુ અસર થતાં પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

થરાદના જમડા ગામના લોકો દ્વારા ડીસાની ખાનગી લકઝરી દ્વારા હરિદ્વારની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી ૧૮ મે ના સાંજના સમયે જમડા ખાતેથી બે લકઝરીમાં ૮૦ યાત્રિકો હરિદ્વાર જવા માટે રવાના થયા હતા. ત્યારબાદ યાત્રા પુરી કરી પરત પોતાના ઘરે આવી રહ્યા હતા ત્યારે ગોકુળ, મથુરા આવ્યા બાદ ૧૫ ઉપરાંતના વ્યક્તિઓને દૂષિત પાણી, ગરમીને લઈ ખોરાકી ઝેરની અસર થવા લાગી હતી.

જેથી રસ્તામાં આવતી હોસ્પિટલમાં સારવાર લીધી હતી બાદમાં પરત આવવા નિકળ્યા હતા. જ્યાં રસ્તામાં ત્રણ વૃદ્ધોની તબિયત વધુ લથડતાં ત્રણેય વૃદ્ધોના રાજસ્થાનના આબુરોડ તરફથી ગુજરાતમાં પ્રવેશતાં મોત નિપજ્યા હતા. જ્યારે ૧૨ વ્યક્તિઓને વધુ અસર જણાતાં પાલનપુર માવજત હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અંગે હોસ્પિટલના ડો. નીરવ પુરોહિત જણાવ્યું હતું કે જમડા ગામના ૧૪ વ્યકિતઓને ખોરોકી ઝેરની અસર થઈ હતી. જેમને માવજત હોસ્પિટલમાં સોમવારે ખસેડાયા હતા. જેમાંથી ૧૧ને સારવાર માટે લવાયા હતા. જેમા સાતને સારવાર આપી રજા અપાઈ છે.



# શામળાજી આરટીઓ ચેક પોસ્ટના સલામતી જવાન પર હિંસક હુમલો

શામળાજી, તા. ૩૦

શામળાજી-રતનપુર આરટીઓ ચેકપોસ્ટ એ રાજયની સૌથી વધુ વિવાદિત અને ચર્ચાસ્પદ ચેકપોસ્ટની ગણના થાય છે. ગુજરાત રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ પોલીસ પર હુમલાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. શામળાજી-રતનપુર આરટીઓ ચેક પોસ્ટ પરથી ટ્રકો પસાર કરવામાં ફોલ્ડરીયા ગેંગો રીતસરનો અડ્ડો જમાવી દીધો હતો. પરંતુ ભ્રષ્ટાચાર રોકવા રાજ્ય સરકાર દ્વારા સમગ્ર સીસ્ટમ ઓનલાઈન કરી દેવાતા ભ્રષ્ટાચારી અધિકારીઓ અને ફોલ્ડરીયાઓ અકળાઈ ઉઠ્યા છે. થોડા સમય અગાઉ શામળાજી ચેકપોસ્ટ પર અસામાજીક તત્વોએ હુમલો કરી તોડફોડની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં સોમવારે મોડી રાત્રે એક શખ્સે આરટીઓ ચેક પોસ્ટ પર ફરજ બજાવતા એસઆરપી જવાન પર ચાકુ વડે હુમલો કરી ફરાર થઈ જતા હાહાકાર મચી ગયો છે. શામળાજી પોલીસે ચાકુ વડે હુમલો કરનાર શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

શામળાજી આરટીઓ ચેક પોસ્ટ ઓનલાઈન થયા બાદ મહિને કરોડો રૂયિાની ગેરકાયદેસર રીતે ટ્રકો પસાર કરી થતી કમાણી પર રોક લાગી જતા ફોલ્ડરીયા ગેંગો યેનકેન પ્રમાણે શામળાજી આરટીઓ પોસ્ટ અને ફરજ બજાવતા અધિકારીઓને રંજાડી રહ્યા છે. સોમવારે મોડી રાત્રે ૧૨.૩૦ વાગ્યાના સુમારે શામળાજી-રતનપુર ચેકપોસ્ટ પરના કંપાઉન્ડમાં પ્રવેશ પ્રતિબંધિત હોવા છતા વેણપુરના દિનેશ ઉર્ફે અન્નો ડુકાજી અસોડા પ્રવેશતા આરટીઓ ચેકપોસ્ટ પર ફરજ બજાવતી એસઆરપી ગ્રુપ ૮ ગોંડલ (રાજકોટ) કંપનીના જવાન મેહુલભાઈ મુળજીભાઈ મકવાણા તથા અન્ય જવાનોએ કંપાઉન્ડમાંથી બહાર નીકળી જવાનુ જણાવતા દિનેશ ઉર્ફે અન્નો એકદમ ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો બોલી કમરના ભાગે સંતાડેલ ધારદાર ચક્કુ કાઢી મેહુલભાઈ પર હુમલો કરતા એસઆરપી જવાનોમાં નાસભાગ મચી હતી. એકાએક હુમલાથી હેબતાઈ ગયેલા મેહુલભાઈ અને એસઆરપી જવાનો કંઈ સમજે તે પહેલા ચક્કા વડે હુમલો કરનાર શખ્સ નાસી છુટ્યો હતો. મેહુલભાઈના શરીરે ઈજાઓ થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.



શામળાજી પોલીસે એસઆરપી જવાન પર હુમલો કરનાર શખ્સ દિનેશ ઉર્ફે અન્નો ડુકાજી અસોડા સામે ફરિયાદ નોંધી જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરી પ્રતિબંધિત આરટીઓના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશવા જાહેરનામાનો ભંગ કરી તેમજ ચાલુ હથિયારબંધી જાહેરનામાનો ભંગ હેઠળ ઈપીકો કલમ ૩૨૪, ૧૮૬,૩૩૨, ૩૩૩,૫૦૪,૧૮૮,જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# સવાસો ગોળ કડવા પાટીદાર સમાજનુ યુવા સંમેલન યોજાયું

સવાસો ગોળ કડવા પાટીદાર સમાજના બાયડ અને કપડવંજ તાલુકાના ૪૦થી વધારે ગામોના ૫૦૦૦થી વધુ યુવાનોનુ એક વિરાટ યુવા સંમેલન રવિવાર તારીખ ૨૮-૫-૨૦૧૭ના રોજ છાપરિયા કોલ્ડ સ્ટોરેજ ખાતે યોજાઈ ગયું. સંમેલનનો હેતુ યુવાનોમાં જાગૃતતા, શિક્ષણ, આત્મવિશ્વાસમાં વધારો કરવો અને આવનારા સમયને ઓળખી તે પ્રમાણે કારકિર્દી આયોજન કરવાના લખ્યાંકો કેવી રીતે સિદ્ધ કરવા તે અંગેનો હતો, આ પ્રસંગે આનંદઆશ્રમ નડિયાદના સ્વામી, પ્રેરક પ્રમુખસ્થાને હતા, સ્કીલ ડેવલોપમેન્ટ અંગે રોજગાર અને તાલીમ વિભાગના નાયબ નિયામકે ઉપસ્થિત રહી યુવાનોને વ્યવસાયિક નિપુણતાઓ અંગે પ્રેરક ઉદબોધન કર્યુ હતું, વોડાફોન ગુજરાતના કોર્પોરેટ જગતના ડીન દિપાલીબેને અસંખ્ય મહિલાશક્તિના ઉદાહરણો આપી મહિલાઓમાં જોમ જુસ્સો પૂર્યો હતો, આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે સરકારી વિભાગોમાં ફરજ બજાવતા સમાજના ૧૫ જેટલા યુવાનોનું સન્માન કરી અન્ય યુવાનો માટે પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આવનારા સમયમાં સ્પર્ધાત્મક પરાક્ષાઓ માટે સમાજના સરકારમાં કામગીરી કરતા યુવાનોએ જવાબદારી લઈ અન્ય યુવાનો માટે કલાસીસ શરુ કરી વધુને વધુ યુવાનો પરીક્ષામાં સફળ બને તેવું ભાવી આયોજન કરવા પર ભાર મુક્યો હતો અને ભવિષ્યમાં વ્યવસાયિક માર્ગદર્શન કેન્દ્ર ધ્વારા યુવાનોને આ દિશામાં વધુને વધુ વિસ્તરિત કરવા જણાવ્યું હતું. આ પ્રસંગે સમાજના ભૂતપૂર્વ પ્રમુખો, શાળાઓના શિક્ષકો/ આચાર્યો પણ આ સંમેલનના આયોજનમાં માર્ગદર્શક રહ્યા હતા. આ પ્રસંગે અલ્પાહારની વ્યવસ્થા સમીરભાઈ પટેલ ધ્વારા પૂરી પાડવામાં આવી હતી.



### બનાસકાંઠા જીલ્લાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ ૬૨.૩૫ ટકા પરિણામ

ગતરોજ ધોરણ ૧૨નુ સામન્ય પ્રવાહનુ પરિણામ જાહેર થયું હતું. જેમાં સરહદી બનાસકાંઠા જીલ્લાનુ ૬૨.૩૫ ટકા પરિણામ આવ્યું છે. જીલ્લામાં ૨૧૮૦૯ વિધાર્થીઓ ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી જોકે મહત્વ વાત એ છે કે આ વખતના ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં સમગ્ર જીલ્લામાંથી એ વન ગ્રેડમાં એક જ વિધાર્થીએ સફળતા હાંસલ કરી છે જયારે એ-ટુ માં ૨૨૮, બી-વનમાં ૧૯૩૮, બી-ટુ ૩૮૬૦, સી વનમાં ૩૭૧૮, સી-ટુ માં ૨૦૪૭ વિધાથીઓ ઉતીર્ણ થયા છે. જીલ્લાના મહત્વના સેન્ટરનું ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ પર નજર નાખીએ તો જીલ્લા મથક પાલનપુરનુ ૮૨ ટકા. ડિસાનું ૭૨.૫૬ ટકા, ધાનેરાનુ ૭૯.૦૮ ટકા, અંબાજીનું ૭૩.૬૮, વડગામનુ ૭૮.૩૪ દિયોદરનુ ૭૫.૬૧, થરાદનુ ૬૮.૭૩ અને વાવનું ૬૯.૬૧ ટકા જેટલું પરિણામ આવ્યું છે માર્ચમાં લેવાયલી ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં જીલ્લામાંથી કોપી કેશ કરતા ૩૮ વિધાર્થી નોધાયા હતા.



### મહેશભાઈ એ. પટેલ ગુજરાત ક્રેડીટ સોસાયટીમાં ચોથીવાર વાઈસ ચેરમેન ચૂંટાયા

ગુજરાત સ્ટેટ કો.ઓ. ક્રેડીટ સોસાયટીની ફેડરેશનની આજરોજ મળેલ અમદાવાદમાં મીટીંગમાં સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ એ. પટેલ સતત ચોથીવાર વાઈસ ચેરમેન બીનહરીફ બનેલ. આ પ્રસંગે મહેશભાઈ એ. પટેલ ફેડરેશનના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલનું સ્વાગત કરતા નજરે પડે છે. આ પ્રસંગે રાજ્યના અને સાબરકાંઠા જિલ્લાના અનેક સહકારી અગ્રણીઓએ મહેશભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજના રેખાબેન સોલંકીની કોંગ્રેસ બનાસકાંઠા જિલ્લાના પ્રભારી તરીકે નિમણુંક

પ્રાંતિજ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતાં રેખાબેન સોલંકીની ગુજરાત મહિલા કોંગ્રેસ સમિતિના બનાસકાંઠા જિલ્લાના પ્રભારી તરીકે નિમણુક કરવામાં આવતાં કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા કોંગ્રેસ કાર્યકરો કોંગ્રેસ આગેવાનો સહિત પક્ષના લોકોએ રેખાબેન સોલંકીને અભિનંદન પાઠવ્યા હતાં.

જયારે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલ દ્વારા શુભેચ્છાઓની સાથે સંગઠનની સાથે જવાબદારી પક્ષને સંપુર્ણ પણે વફાદારી રહી નિષ્ઠાપૂર્વક નિભાવવા સાથે અભિનંદન પાંઠવ્યા હતા.

